**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૬.૬ ડીગ્રી
લઘુતમ : ૧૬.૨ ડીગ્રી
ભેજ
સવારે ૩૯ ટકા ● સાંજે ૨૧ ટકા

# ઉષા પર્વ-૧૩ અંતર્ગત પ્રતિભાશાળી ૩૦ મહિલાઓનું બહુમાન

ગાંધીનગર, તા.૭
આંતરરાષ્ટ્રીય મહિલા દિન નિમિતે સતત તેરમા વર્ષે ઉદગમ ચેરીટેબલ ટ્રસ્ટએ ઉદગમ ટ્રસ્ટી ઉષાબેન ધ્રુવકુમાર જોશીની સ્મૃતિમાં 'ઉષા પર્વ' નું આયોજન તા.૬ માર્ચ ૨૦૨૨ ના રોજ




અમદાવાદ ખાતે કરવામાં આવ્યું હતું. ઉષા પર્વ -૧૩ ઉદગમ વુમન્સ એચિવર એવોર્ડથી બિઝનેસ, સમાજ સેવા, શિક્ષણ, આરોગ્ય, કલા, ફેશન વગેરે જેવાં વિવિધ ક્ષેત્રોમાં નોંધપાત્ર કામગીરી કરનાર ૩૦ મહિલાઓ અને ૧ પુરૂષનું બહુમાન કરવામાં આવ્યુ હતું.

ઉષા પર્વ કાર્યક્રમમાં વિવિધ ક્ષેત્રમાં નોંધપાત્ર કામગીરી બજાવનાર મહિલાઓનું સન્માન કરાયું હતું. વિજેતાઓને તેમના વિઝન, હિંમત, કરૂણા, સફળતા અને ઉદારતાના ગુણો દાખવવા બદલ તથા તેમણે અન્ય મહિલાઓને સહાય કરવામાં જે રીતે સફળતા હાંસલ કરી તે બદલ બહુમાન કરાયું હતું. સમારંભના મુખ્ય મહેમાનપદે ભારત સરકારના સંચાર રાજ્ય મંત્રી દેવુસિંહ ચૌહાણ અને અતિથિ વિશેષ તરીકે શ્રમ અને રોજગાર પ્રધાન- બ્રિજેશ મેરઝા, યુવા બીજેપીના રાજ્ય પ્રમુખ ડો. પ્રશાંત કોરાટ, ગુજરાતના બ્રિટીશ હાઈકમિશનના ડેપ્યુટી કમિશ્નર- પીટર કૂક, ગુજરાત યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર પ્રોફે. હિમાંશુ પંડયા, પ્રસિધ્ધ રિયલ એસ્ટેટ ડેવલપર- એન કે પટેલ, હાર્ટ ફાઉન્ડેશન ઓફ ઈન્ડિયાના ચેરમેન- ડો. નિતીશ શાહ અને પીસી સ્નેહલ ગ્રુપના ચિરંજીવ પટેલ સાથે ઉદગમના ટ્રસ્ટી એડવોકેટે હિતેશ્વરી જોષી ઉપસ્થિત રહ્યા હતા.

ઉદગમ ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી ડો. મયૂર જોષી એ ઉદગમ ટ્રસ્ટની પ્રવૃત્તિઓનો ચિતાર આપતા જણાવ્યું કે ભારતીય પરંપરામાં મહિલાઓનું સન્માન કરવાની પ્રણાલીને વિશિષ્ઠ રીતે આગળ ધપાવવા માટે 'ઉદગમ વિમેન્સ એચિવર્સ એવોર્ડ એ મહિલાઓના જે તે ક્ષેત્રમાં અથાગ પ્રયાસો તથા વિશિષ્ઠ યોગદાન બદલ બહુમાન કરવાનો ઉદગમનો નમ્ર પ્રયાસ છે.'

## ઉદગમ વુમન્સ એચિવર એવોર્ડથી સન્માનિત વિજેતાઓ

સમગ્ર ભારતમાંથી આવેલ નોમીનેશનમાંથી જ્યુરી દ્વારા પસંદગી પામેલા એવોર્ડી, સમાજ સેવા બદલ યોગા કોચ પારુલ મેહતા, સ્વરૂપા ફાઉન્ડેશનના સ્થાપક- રૂપા શાહ, ઉદ્યોગસાહસિક અને સખાવતી કાર્યો કરતા- શ્રધ્ધા સોપારકર, પ્રયોશા મહિલા વિકાસ એજ્યુકેશન અને ચેરિટેબલ ટ્રસ્ટના સ્થાપક- લક્ષ્મી જોષી, અનાજ બેંકના સ્થાપક ડો. અમિતા સિંઘને સમાજ સેવા બદલ, કલા અને સંસ્કૃતિ ક્ષેત્રમાં કલાકાર અને વિન્ની આર્ટ વર્લ્ડના સ્થાપક- વિનીતા રૂપારેલ, આર્ટીસ્ટ ભારતીબેન પોપટ આર્ટીસ્ટ અને કોરિયોગ્રાફર- હેમા ભટ્ટ, ફેશન અને લાઈફ સ્ટાઈલ ક્ષેત્રે ફેશન બ્લોગર- અભિનિષા ઝૂબીન આશરા, ફેશન ડિઝાઈનર- કેની સંજય શાહ, હાઉસ ઓફ મેરીગોલ્ડના સ્થાપક- શિલ્પા ચોકસી, પત્રકાર અને લેખિકા- કશ્યપી મહાને પત્રકારત્વ ક્ષેત્રે, ઉદ્યોગસાહસિકતા ક્ષેત્રે દિશા કન્સલ્ટન્સના સ્થાપક- કવિતા પરીખ અને બિઝનસ વુમન- ચંચલ સોની, લેખિકા, કવિયત્રી અને શિક્ષણવિદ- શ્રધ્ધા રામાણી અને લેખિકા અને કટાર લેખક- સોનલ ગોસલિયાને સાહિત્ય ક્ષેત્રે, લૉ ફર્મ રાવલ એન્ડ ત્રિવેદી એસોસિએટસના- નમ્રતા ત્રિવેદીને કોર્પોરેટ ક્ષેત્રે, શિક્ષક અને પ્રિન્સીપાલ- મિનાક્ષી જોષી, શિક્ષક અને લેખિકા- ડો. અન્ના નીના જ્યોર્જને શિક્ષણ ક્ષેત્રે, ગાયિકા- અમરપ્રિત કૌરને સંગીત ક્ષેત્રે, એરો ફીટનેસ હબના માલિક- સ્નેહલ બ્રહ્મભટ્ટ, ગાયનેકોલોજીસ્ટ- ડો. હેતલ પટોલિયાને આરોગ્ય ક્ષેત્રે, દિવ્યાંગો કેટેગરીમાં ગુજરાતી લેખિકા- મેઘલ ઉપાધ્યાયન, ફૂડપ્રિનિયોર અને રેસિપી ક્યુરેટર- શ્વેતા અયઠોરને ડીજીટલ ઈન્ફલુઅન્સ, આરજે અને કન્ટેન્ટ ક્રિએટર- અદિતી રાવલને આઈકોનિક પર્સનાલિટી એવોર્ડ, ડો. આશા પટેલ અને ઈન્ડિયન લાયન્સના ચેરપર્સના- આશા પંડ્યાને લાઈફ ટાઈમ એચિવમેન્ટ એવોર્ડ એનાયત કરાયો હતો. સ્ટેજ, ટીવી અને ફિલ્મ એકટર ભાવિની જાની અને રાજકારણી અને સામાજીક કાર્યકર જસુમતી સવજીભાઈ કોરાટને હોલ ઓફ ધ ફેમ એવોર્ડ તથા ડેસ્ટીનેશન ઈવેન્ટ પ્લાનર શ્રેયા ગિડરા ને યંગ એચિવર એવોર્ડ એનાયત કરાયો હતો. સમાજ સેવક મહેશ વારાને મેન ફોર વિમેન એમ્પાવર્મેન્ટ એવોર્ડથી નવાજવામાં આવ્યા હતા.

એવોર્ડ સમારોહના મુખ્ય મહેમાન કેન્દ્રીય સંચાર રાજ્ય મંત્રી દેવુસિંહ ચૌહાણે જણાવ્યું હતું. 'મહિલાઓ તમામ ક્ષેત્રોમાં અદ્વિતીય યોગદાન આપી રહી છે. આપણે વિચારી પણ ના શકીએ એવા વ્યવસાયો, અવકાશ, સમાજસેવા, કળા, સંસ્કૃતિ, વિજ્ઞાન, કાયદો અથવા અન્યક્ષેત્રોમાં ભારતમાં મહિલાઓ માટે હવે પહેલા કરતાં વધુ તકો છે અને મહિલાઓ તેનો મહત્તમ




ઉપયોગ કરી રહી છે.

એવોર્ડ વિજેતાઓની પસંદગી બિઝનેસ વુમન અને સમાજસેવી પૂર્વા શાહ પટેલ, જીએલએસ યુનિવર્સિટીના લૉ ડિપાર્ટમેન્ટના ડિરેકટર- ડો. મયૂરી પંડયા, સ્થપતિ અને ડિઝાઈનર- અર્ચના શાહ, ઉદ્યોગસાહસિક અને સમાજસેવિકા- પ્રિયાંશી પટેલ, અમદાવાદ મેનેજમેન્ટ એસોસિએશનના એક્ઝિક્યુટિવ ડિરેકટર- ઉન્મેશ દિક્ષિત, સાંસ્કૃતિક પ્રવૃત્તિના ક્યુરેટર- આશા સરવૈયા, સમાજ સેવક અને લેખિકા- વૈજયંતિ ગુપ્તે અને સમાજ સેવક તથા સુપ્રિમ કોર્ટના લૉયર- દિપીકા ચાવડા સહિતના પ્રસિધ્ધ જ્યુરીએ કરી હતી. ઉષા પર્વના સમાપન સમયે આભાર વિધિ પીસી સ્નેહલ ગ્રુપના ચિરંજીવ પટેલે કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન દેવેન્દ્રભાઈ પારેખ અને ધારા શર્માએ કર્યું હતું. ઉષા પર્વ -૧૩ માં ઉદગમ વિમેન એચિવર્સ એવોર્ડને સફળ બનાવવા માટે વાગ્મી જોષી, મનોજ જોષી, અમિત શાહ, ચાણક્ય જોષી, પરમજિત કૌર છાબરા, ઓમ અને કિરાત જોષીએ જહેમત ઉઠાવી હતી.

## જન્મદિને વધામણી



સાવન



ઠાકોર અશોકકુમાર શંભુભાઈ



પ્રસન્ન વિશાલ થોરાત
મો. ૯૪૨૮૦ ૪૭૫૨૮




સાવન



ઠાકોર અશોકકુમાર શંભુજી
મો. ૯૭૧૪૬૬૫૬૧૮

## બજરંગદળ કાર્યકરોને વિનામુલ્યે રાયફલ શુટીંગની તાલિમ



ગાંધીનગર જિલ્લા બજરંગ દળના કાર્યકરો માટે એક દિવસીય વિના મુલ્યે રાયફલ શુટીંગની ટ્રેનીંગ આપવામાં આવી હતી. ગાંધીનગર નજીક આવેલી શુટીંગ એકેડમીમાં કાર્યકરોને રાઈફલ અંગે તાલિમ આપવામાં આવી હતી. આ તાલિમમાં કાર્યકરોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

## કુડાસણ પાટીયા પાસે કારની ટક્કરે એકટીવા પર સવાર યુવક-યુવતિને ઈજા

ગાંધીનગર, તા.૭
મેઘાણીનગર થી રાત્રીના સમયે નીકળી માણસાના દેલવાડા ગામે એકટીવા લઈને જતા દંપતિને કુડાસણ પાટીયા નજીક પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી કાર ચાલકે પાછળની ટકકર મારતા અકસ્માત સર્જાયો હતો. જેમાં યુવકને હાથે પગે તેમજ તેની પત્નિને કપાળના ભાગે ઈજા પહોંચી હતી. બનાવ અંગે પોલીસ ફરીયાદ નોંધાતા આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ અમદાવાદ મેઘાણીનગર અમરનગર સોસાયટી મકાન નં.૯ ખાતે રહેતો ૨૬ વર્ષિય યશ અશોક પટેલ પત્ની સાથે રહે છે અને દરિયાપુર ખાતે શ્રી ઈન્ટેરીયલ હાર્ડવેરના શો-રૂમ ખાતે છેલ્લા ત્રણ વર્ષથી નોકરી કરે છે. યશે નોકરી આવન જાવન અને પોતાના ઉપયોગ માટે એકટીવા ખરીદ્યું હતું. ત્યારે ગત તા.૧૫ ફેબ્રુઆરીના રોજ રાત્રીના સાડા આઠ વાગ્યાના અરસામાં એકટીવા નં. જી.જે.૦૧.યુ.ઝેડ.-૫૦૬૯ લઈ વતન દેલવાડા જવા યશ અને વૈભવી નીકળ્યા હતા. તે સમયે એકટીવા વૈભવી ચલાવતી હતી અને કોબાથી ગાંધીનગર તરફ આવી રહ્યા હતા. તે દરમિયાન રાત્રીના સાડા નવ વાગ્યાના અરસામાં કુડાસણ પાટીયા પાસે પાછળથી ગાડી નં.જી.જે.૦૧.કે.એમ.-૬૬૭૮ના ચાલકે પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી એકટીવાને ટક્કર મારતા એકટીવા સાથે દંપતિ જમીન પર પટકાયા હતા. જેમાં યશને બે હાથે અને પગે તેમજ વૈભવીને કપાળના ભાગે ઈજા પહોંચી હતી. નાગરીકો અકસ્માત થતા મોટીસંખ્યામાં રોડ પર આવી પહોંચ્યા હતા. જયારે દંપતિને નજીકને એસએમવીએસ હોસ્પિટલમાં સારવાર માટે લઈ ગયા હતા. જયાં યુવકને હાથેપગે તેમજ તેની પત્નીને કપાળના ભાગે ઈજા થઈ હતી. જયારે એકટીવાને પણ ભારે નુકશાન થયું હતું. બનાવ અંગે કારચાલક સામે ફરીયાદ નોંધાતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.




સર્જન ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા રકતદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. અગ્રણી સામાજિક કાર્યકર સુકેતુ મહેતાએ ૧૪૮મી વાર રકતદાન કર્યું હતું. જયારે વત્સલ વોરાએ ૯૧મી વખત રકતદાન કરી સમાજ પ્રત્યે સંવેદના દર્શાવી હતી. આ શિબિર મારફતે ૨૭ યુનિટ રકત એકત્ર થયું હતું.

## સેકટર-૫ એ માંથી લોખંડના દરવાજાની ચોરી

ગાંધીનગર, તા.૭
ગાંધીનગર શહેરના સેકટર-૫ એ પ્લોટ નં. ૨૨૮-૧ ખાતે રહેતા વિનુભાઈ ધુળાભાઈ ડોડીયા પરિવાર સાથે રહે છે અને નિવૃત જીવન ગુજારે છે. ત્યારે હાલ તેમના ઘરનું રીનોવેશનનું કામ કાજ ચાલુ હોવાથી તેઓ અમદાવાદ કલાપીનગર ખાતે રહે છે. ત્યારે રીનોવેશનનું કામ ચાલતુ હોવાથી તેઓ આવતા જતા રહે છે. ત્યારે ઘરના પાછળના ભાગે અંદાજીત ૮૦ કિલો વજનનો લોખંડનો દરવાજો મુક્યો હતો. તે દરવાજો તા.૬ ના રોજ સાંજના સમય સુધી હતો. પરંતુ ત્યારબાદ રાત્રીના સમયે કોઈ ચોર શખ્સો લોખંડનો દરવાજો ચોરી કરી લઈ જતા વિનુભાઈએ રૂ.૪૦૦૦ હજારના દરવાજાની ચોરી અંગે સેકટર-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે.

## આજે સેકટર-૨-એ ખાતે સુંદરકાંડ પાઠનું આયોજન

ગાંધીનગર, તા.૭
સેકટર-૨-એ ખાતે સુંદરકાંડ પાઠનું આયોજન કરવામાં આવ્યું છે. ૮ માર્ચે રાત્રે ૮.૩૦ કલાકે પ્લોટ નં. ૪૧/૨માં ભારતીબાપુની વ્યાસપીઠે ચેતનભાઈ લુહારના નિવાસસ્થાને પાઠ યોજાશે. સૌ નગરજનોને જાહેર આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.



સ્પેશિયલ ઓલમ્પિકસ દ્વારા મનોદિવ્યાંગ ખેલડીઓ માટે નેશનલ લેવલનો ફિમેલ ફૂટબોલ કોચિંગ અને સિલેકશન કેમ્પ ગાંધીનગર ખાતે ચાલી રહ્યો છે જેમાં વિવિધ રાજ્યોના ખેલડીઓ ભાગ લઈ રહ્યા છે. આ કેમ્પમાં ગુજરાતના ૩ ફીમેલ ખેલાડીઓ સિલેક્ટ થયા છે, જેમાં ગાંધીનગર જિલ્લાની ખેલાડી પલ્લવી સેનમા પણ છે.

પલ્લવીને તેના લોકલ વિશિષ્ટ શિક્ષક વીરેન્દ્ર ભટ્ટ અને ગુજરાતના કોચ મેઘના બેન પટેલ, ગાંધીનગરના G&D મેનેજર જિજ્ઞેશ રાવલના માર્ગદર્શન હેઠળ તૈયાર કરી રહ્યા છે.

## જયોતિ મહિલા મંડળ દ્વારા વિશ્વ મહિલા દિવસની ઉજવણીનું આયોજન

ગાંધીનગર, તા.૭
નગરની બહેનો માટે ૮મી માર્ચે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. સંસ્થાના પ્રમુખ ડૉ. ચેતના બુચે જણાવ્યું હતું કે ૭મી માર્ચે માતાઓને બાળકો દ્વારા ગુલાબનો છોડ ભેટ આપીને વચન આપવામાં આવ્યું હતું કે આ ગુલાબના ફુલ જેવું સૌંદર્ય અને સુવાસ અમે ઉત્તમ સંતાનો બનીને સમાજમાં પ્રસરાવીશું, મા-બાપનું ગૌરવ વધારીશું. ૮મી માર્ચે આરોગ્ય વિભાગના સહયોગથી શેઠ સી.એમ. શાળાની દિકરીઓને તરૂણાવસ્થાની સમસ્યા વિષયક માર્ગદર્શન, મહેંદી સ્પર્ધા, સ્ત્રી સશકિતકરણ વિષય પર રંગોળી સ્પર્ધા, સેનેટરી પેડનું વિતરણ, હિમોગ્લોબીન ચેકઅપ કેમ્પ તેમજ તેની સારવારનું આયોજન કરવામાં આવ્યું છે. મહિલા વિષય, મહિલાઓના આર્થિક ઉપાર્જનમાં ઉપયોગી સરકારની વિવિધ લાભદાયી સ્કીમોની માહિતી આપતા સાહિત્યનું મહિલા મંડળ દ્વારા વિતરણ કરવામાં આવશે. ડૉ. ચેતના બુચ, હર્ષાબા ધાંધલ, નીરુબેન નાયક, મીનાબેન શાહ જહેમત ઉઠાવી રહ્યા છે.

## જે.બી. પ્રાથમિક શાળા દ્વારા ફૂટ ડીશ ડેકોરેશન સ્પર્ધાનું આયોજન




ગાંધીનગર, તા.૭
જે.બી. પ્રાથમિક શાળામાં ફૂટ ડીશ ડેકોરેશન સ્પર્ધા યોજાઈ હતી. જેમાં ધોરણ ૩ થા ૫ના વિદ્યાર્થીઓ માટે આ સ્પર્ધાનું આયોજન કરાયું હતું. આ સ્પર્ધામાં કુલ ૧૬૪ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં શિક્ષકો દ્વારા ફળોના મહત્વ વિશે સમજાવવામાં આવ્યું હતું. વિદ્યાર્થાઓએ જુદા જુદા ફળોની મદદથી સુંદર ડિશ ડેકોરેશન કર્યું હતું. શાળાના આચાર્ય નીવાબેન પટેલે આ તમામ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

## સેકટર-૬ ખાતે એક પાત્રીય અભિનય સ્પર્ધા ૧૫મીએ યોજાશે

ગાંધીનગર, તા.૭
સંસ્કૃતિ મહિલા પરિવાર દ્વારા આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે ૧૫ માર્ચે એકપાત્રીય અભિનય સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. જે ભુવનેશ્વર મંદિર હોલ ખાતે સે-૬માં બપોરે ૨.૩૦ કલાકે મહાન નારીના એકપાત્રીય અભિનયની હરીફાઈ યોજાશે. આ સ્પર્ધામાં જે બહેનોને ભાગ લેવો હોય તેમણે અલ્પાબેન ગોર (૯૪૦૮૦૫૮૪૦૧), દેવીબેન શુકલ (૬૩૫૫૫૧૪૬૮૪), જિજ્ઞાબેન શાહ (૯૭૧૩૪૬૬૫૨૨), રાજશ્રી એ. ગાંધી (૯૪૨૯૨૦૨૪૭૧), શ્વેતા મહેતા (૮૫૧૧૨૯૧૧૯૪) નંબર પર નામની નોંધણી કરાવવાની રહેશે.

## શેઠ સી.એમ. શાળામાં પ્રિલીમ પરીક્ષાની ઉત્તરવહી નિદર્શન કાર્યક્રમ

ગાંધીનગર, તા.૭
શેઠ સી.એમ. શાળામાં ધોરણ-૯ થી ૧૨ પ્રિલીમ પરીક્ષાની ઉત્તરવહી નિદર્શન કાર્યક્રમ યોજાયો હતો. જેમાં વિદ્યાર્થી અને વાલીઆએ વિશાળ સંખ્યામાં હાજર રહી સંતોષ વ્યકત કર્યો હતો. આગામી બોર્ડની પરીક્ષામાં ઉત્કૃષ્ટ પરિણામ મેળવે તે માટેનું માર્ગદર્શન આચાર્યા ડૉ. ચેતના બૂચ, સુપરવાઈઝર મુકેશભાઈ પટેલ, મહેશભાઈ ખોરસ્મા તથા કનુભાઈ પટેલ દ્વારા આપવામાં આવ્યું હતું.

## શેઠ સી.એમ. શાળામાં વિશ્વ મહિલા દિવસની ઉજવણી



ગાંધીનગર, તા.૭
શેઠ સી.એમ. ખાતે વિશ્વ મહિલા દિવસની વિશિષ્ટ ઉજવણી કાર્યક્રમ યોજાયો હતો. એસ.એસ. પટેલ કોલેજના ડૉ. દેવાંગ મહેતા તેમજ આચાર્યા ડૉ. ચેતના બૂચ દ્વારા વિશાલ પ્રજાપતિ અને જીલ પ્રજાપતિના જન્મદિન નિમિત્તે ધો-૯ના બાળકોને ગુલાબનો છોડ આપવામાં આવ્યો હતો અને છોડનો ઉછેરવાની પ્રતિજ્ઞા લેવડાવી હતી. ગુલાબની જેમ વિદ્યાર્થીઓની સુવાસ સમગ્ર જગતમાં ફેલાય તેવી શુભેચ્છા પાઠવી હતી. શાળાના સુપરવાઈઝર મુકેશભાઈ પટેલ, મહેશભાઈ ખોરસ્મા, લાભુભાઈ દેસાઈ, આર.કે. ચૌહાણ અને સ્ટાફ મિત્રો તેમજ વિદ્યાર્થીઓનો સહયોગ સાંપડયો હતો.



એસ.કે. પટેલ કે.જી. ઈંગ્લિશ મીડિયમ સ્કૂલમાં નોન ફાયર કૂકીંગ એક્ટિવીટી યોજાઈ હતી. જેમાં બાળકોએ ભેળ, સેન્ડવીચ, સલાડ, ફ્રૂટસ જેવી વસ્તુઓ બનાવીને અનેરો આનંદ વ્યકત કર્યો હતો.

## અરિહંત સ્કૂલ ઓફ ફાર્મસી ખાતે પોલિયો વેકિસનેશન કેમ્પ યોજાયો



ગાંધીનગર, તા.૭
અરિહંત સ્કૂલ ઓફ ફાર્મસી ખાતે પોલિયો વેકિસનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. ઘનશ્યામ પટેલ તથા ડૉ. જલ્પા સોનીના નેતૃત્વ હેઠળ એન.એસ.એલ. સેલ દ્વારા આ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કુલ ૨૨ વિદ્યાર્થીઓએ સતત ત્રણ દિવસ સવારથી સાંજ સુધી ચાંદખેડા કોમ્યુનીટી હેલ્થ સેન્ટર, અમદાવાદ ખાતે ઉપસ્થિત રહીને સેવા પુરી પાડી હતી.

## ચિરવિદાય

● મુક્તિધામ ●
● સ્વ.ભીલ જડીબેન બબાજી, ઉ.વ. ૭૯, પેથાપુર